સાલ : ૧૩ / સિલસિલાવાર નંબર : ૧૨૯ / શુમારો : ૩ ફુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદિલ ઉલા-જુમાદિલ ઉખરા ૧૪૩૭ / ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૬

## આગલ વધો

આ જહાનમાં જેમ વક્ત ગુઝરે છે અને પલ-પલ બસર થાય છે, તેમ જહાનવાલાઓની ઝિંદગી હર એક તે પલ જે હાલમાં હતો, હાથમાં હતો તે માઝી-ગુઝરેલો બનતો જાય છે અને ઝિંદગી આ તરહ આગલ વધે છે. આ વધતો વક્ત લોગોને આગલ વધવાની રગબત અપાવે છે. ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, ઈમાનો અમલમાં આગલ વધનારા વાસ્તે ખુદાથી કુરબત-નઝદીકી છે. અખ્લાકો અદબ મુમિન પાસે એવું કીમતી જૌહર છે કે, જેના સબબ તે ઝિંદગીના હર પહેલૂમાં આગલ વધે છે અને પોતાના ભાઈઓને તરક્કી હાસિલ કરવા પોતાની તરક્કીમાં શરીક કરે છે.

ગુઝરેલા વક્તમાં થયેલી ભૂલોંને ઈબ્રતની નિગાહથી જે જોશે, હાલના વક્તને ઝિંદાદિલી અને ઈન્સાફપસંદીથી ગુઝારશે અને આવનાર વક્ત વાસ્તે તવક્કુલે ખુદાવંદી પર તકીયો રાખીને મન્સૂબાબંદી કરશે તે આકિલ ઈન્સાન છે. ઈન્સાનની તબીઅત આગ, હવા, પાની અને ઝમીનના અસરાત પર બનેલી છે અને તેના સબબ તેનામાં સુકાશ, ભીનાશ, ગરમી અને ઠંડકના મિઝાજ પૈદા થાય છે. આગ સાથે સુકાશ અને ગરમી જોડાયેલી છે, હવા સાથે ગરમી અને ભીનાશ જોડાયેલી છે, પાની સાથે ભીનાશ અને ઠંડક જોડાયેલી છે અને ઝમીન સાથે ઠંડક અને સુકાશ જોડાયેલી છે. લેહાઝા, આ તમામ ચીઝોની મુખ્તલિફ મિલાવટના સબબ ઈન્સાની મિઝાજ બદલાય છે. પાની, હવા અને ઝમીન ઈન્સાની કલ્બો ઝમીર, ફહેમો તમીઝ, ફિકરો ખયાલ અને રહેન-સહેનમાં અસર કાઈમ કરે છે. ખુદાતઆલાએ ઈન્સાનને તેની તમામ મખ્લૂકાત કરતા બરતર, અફઝલ અને કામિલ બનાવેલો છે. **ઈન્સાન તેની તખ્લીકને સમઝે છે અને વક્તની અહેમીયતને જાણે છે.** બીજી મખ્લૂકાત જે અક્લો ફહેમમાં કામિલ નથી, સમાજી વહેવાર અને મઝહબી દાએરાઓમાં ગુંઠાયેલી નથી, તેને વક્ત અને ઝિમ્મેદારીની કોઈ પરવાહ નથી. તરક્કી અને આગલ વધવા સાથે તેને કોઈ વાસ્તો નથી. તેનું આ દુનિયામાં આવવું અને દુનિયાને છોડીને જાવું, તેના અને તેના ખાલિકને દરમિયાનનો મુઆમેલો હોય છે. પણ ઈન્સાનની ઝિંદગી સાથે બીજા લોગોની ઝિંદગી અને બીજી મખ્લૂકની ઝિંદગી જોડાયેલી હોય છે.

ઈન્સાન આગલ વધતો રહે છે અને પોતાની ઝિંદગીના મકસદને હાસિલ કરતો રહે છે.કોઈ વાર એકલો તો કોઈ વાર બીજાને સાથે કદમ ઉપાડે છે. તે પોતાની ઝિંદગીને નાકામ નથી કરી શક્તો. તે જાણે છે કે, ઝિંદગીને જીવવી આસાન નથી. પણ એટલી તો મુશ્કિલ નથી જ કે, તેમાં આગલ વધા બગૈર આમને આમ છોડી શકાય. ખુદાતઆલાએ ઈન્સાનની એવી તબીઅત બનાવી છે કે, શુરૂઆતમાં કોઈ પણ નવું કામ હાથ પર લેતાં કશ-મ-કશ થાય, અચકામણ લાગે, શક ઉઠે. જોવા જઈએ તો તાઅલીમની ડગર પર પહેલો સબક હમેશા અઘરો હોય છે. નવા રસ્તા પર અને નવી જગા પર પહેલું પગલું ભારે લાગે છે. શુરૂઆતમાં ફાવતું જ નથી. મિઝાજના ચોકઠામાં બેસતું જ નથી. દિલને ગમતું જ નથી. પણ એમાં જ ઝિંદગીની કસોટી છે. ઝિંદગીનો ઉસૂલ છે કે, પહેલું પગલું જો સીધું ન પડે તો બીજું ભરવાનું હોય, પહેલો સબક ન આવડતો હોય તો બીજા તરફ નઝર કરીને, બીજા સબકના સહારાથી પહેલાને સમઝવાનો હોય. કોઈ પણ તરીકાથી, જેમ પણ કરીને આગલ જાવાનો જોશ તો હોવો જ જોઈએ. વધતા રહેવાની અને લડતા રહેવાની ઉમંગ હશે **તો હાલાત તમને નહીં બદલે પણ તમેં હાલાતને બદલશો**, તમને ફાવટ આવશે, જે કરો છો તે તમને ગમશે.

ઈન્સાનની એ ખાસીયત છે કે, જ્યાં તેની તબીઅતને ખિલાફ હાલાત હોય, જ્યાં રસ્તો આસાન ન હોય, જ્યાં

(બકીયાહ પેજ નં. ૨ પર)

**રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) અને મૌ. અલી (અ.સ.) ની મહબ્બત તમને અંબિયાની સોહબત કરાવશે.**

(પેજ નં. ૧ નું બાકી)
તે જે બોલે યા સોચે તે મુજબ કરી શક્તો ન હોય, જ્યાં તેને જે જોઈએ એ મિલતું ન હોય, જ્યાં તેના મુજબની ઝિંદગી મુમ્કિન ન હોય ત્યાં તે ઉદાસ થઈ જાય છે. કિનારાકશી અપનાવી લે છે. તઅલ્લુકાતને નઝરઅંદાઝ કરવા લાગે છે અને ઝિમ્મેદારીઓથી દૂર થાવા લાગે છે. પણ જોવા જઈએ તો આ તરહનું વલણ અને રવૈયો, તરક્કીને ખિલાફ છે, આગલ વધવા પર બ્રેક લગાવે છે.

સહી હિમ્મતવાલા ઈન્સાનની પહેચાન તો એ છે કે, જ્યાં તેના વાસ્તે હાલાત સખ્ત અને તંગ બને ત્યાં રસ્તો કાઢે, અડગ રહીને પગ મૂકે, ધામો નાખે. આ ઝમીન પર થીજેલા ઠંડાગાર ધ્રુવ જેવા જાનલેવા ઈલાકામાં જ્યાં ઝિંદગીનું નામો નિશાન નહીં, જ્યાં જોવ ત્યાં બરફ જ બરફ, હર કદમ પર મૌત અને કાતિલાના ફિઝા. પણ એ બરફના હઝારોં કિલોમીટરના રણમાં આ ઈન્સાને જ ચાર દીવાલો ઊભી કરીને છાપરૂં ઠોકું અને તેને રહેવા લાઈક અને પોતાના મકસદને પહોંચવા વાસ્તે ત્યાં વસવા ઘર જેવો માહૌલ બનાવો અને આજે હઝારોં લોગો મુખ્તલિફ મુલ્કોં માંથી ત્યાં બાસુકૂન રહે છે. એ જ મુજબ ધગધગતા રણમાં જ્યાં છોડ ન ઊગે, જીવ ન ઉડે, એ તપતી રેતીને દરમિયાન પણ ઈન્સાન પોતાનું તંબુ ગાડીને ઈત્મિનાનથી જીવતા શીખી ગયો છે.

રણના ઊંટને બરફના ઈલાકામાં લઈ જાવામાં આવે તો તેને ખરેખર ત્યાં **"ફાવશે નહીં"** અને જલ્દી ઠરી જાશે. હિમાલયના રીંછને સહારાના રણમાં મૂકી દેવામાં આવે તો તેને પણ ત્યાં ફાવશે નહીં, અને શેકાઈને મરી જાશે. રીંછને યા ઊંટને "ફાવતું નથી" કહેવાનો બિલકુલ હક્ક છે. સબબ કે, કુદરતે તે બેવેને કોઈ એક જ એરીયામાં યા આબોહવામાં (ઠંડા કે ગરમ) રહેવા તેના જિસ્મની બનાવટ કરી છે. પણ ઈન્સાન હુશિયારીથી અક્લ ચલાવીને જેમ-તેમ રસ્તો કાઢીને કઠીનમાં કઠીન હાલાતમાં, કોઈ પણ તરહની આબો ફિઝામાં પોતાના જિસ્મને, મનને, દિમાગને તૈયાર કરી લે છે. ખુદાતઆલાએ એને એ તરહની કુદરત, તાકત, સુલાહીયત અને ખાસીયત બખ્શેલી છે. ઝિંદગીમાં કંઈક કરવાની તમન્ના આપી છે, વાસ્તે "ફાવતું નથી" **એ અલ્ફાઝ ઈન્સાનની ઝબાન પર ઝીનત ન આપે, બરાબર ન લાગે યાઅની ચલાવી ન લેવાય.**

ખુદાતઆલાએ દુનિયાવાલા વાસ્તે શરીઅતના જે મુજબ કાનૂન બનાવેલા છે, તે તમામ વાસ્તે સરખા જ છે. સદીઓ ગુઝરી ચુકી છે પણ તેમાં કોઈ ફેરફાર થયો નથી. જે લોગો શરીઅતને તેના ઊસૂલ અને કાનૂન મુજબ સમઝા હશે, એમ હરગિઝ નહી કહે કે, **"ફાવતું નથી"**. પણ આનાથી ઉલટું તેઓ હર નવા દિન પોતાના દીનની હદોંમાં રહીને ઔર પાકી રાહે અમલ કરવાની અને ઝિંદગીમાં એકી-નૈકીની દીવાલો પર તરક્કીની છત બનાવવાની કોશિશ કરશે.


એવા લોગોની પણ કમી નથી, જે પોતાને અલવી જમાઅતના કહે છે અને પોતાના દીન, શરીઅત કે મઝહબની પાયાની વાતોં કે જે તેની તબીઅત કે આદતના ચોકઠામાં ન બેસે, હાંલાકે તેમ કરવું તેના પર વાજિબ હોય, તરત તેઓ તોતરાતા લહેજામાં બોલે છે કે, **"મને તો આ બધું ફાવતું નથી."** એવા લોગો ઈલ્મી, અમલી અને સમાજી તરક્કીથી દૂર રહે છે, મહેરૂમ રહે છે. પછી તે, મસ્જિદમાં નમાઝ પઢવાની બાબત હોય, મદ્રસામાં બચ્ચાંઓને મોકલવાના હોય, અહલુલ બૈત (અ.સ.) ની બૈરોની મજલિસમાં આવવાનું હોય, હર જુમેરાતે ઝિયારતે દોઆત (આ.કુ.) કરવાની હોય, વાઅઝમાં આવવાનું હોય, જમાઅતના લોગો સાથે તઅલ્લુક રાખવાના હોય, સાહેબે દાઅવતની મુલાકાત લેવાની હોય, ઘરના કોઈ ઊમૂર વાસ્તે અરઝ કરવાની હોય વગૈરા.

શરીઅત કોઈને પણ ઈજાઝત આપતી નથી કે, તે એમ કહે કે, "ફાવતું નથી", બલકે હુકમે ઈલાહીને માનવો અને ફરમાને ખુદાવંદીથી ખુશ રહેવું તે જ ઈન્સાન વાસ્તે આગલ વધવાની રાહ છે. શરીઅત રૂહાની તરક્કી વાસ્તે સીડી છે અને હર એક અમલે ખૈર તેના પગથિયા મુજબ છે. ખુદાતઆલાની બારગાહમાં શુક્રના સજદા અદા કરીએ કે, હમેં ઈન્સાન છીએ, ઈન્સાનમાં મુમિન છીએ અને મુમિન હોવાના સાથે આઅમાલે સાલેહાત બજા લાવવાની તૌફીક મિલેલી છે, હુઝૂરે પુરનૂર (ત.ઉ.શ.) ના સાયએ શફકતમાં હમેં મંઝિલે તરક્કી તરફ આગલ વધી રહ્યા છીએ અને હમારી ઝિંદગીનું નામ જ અમલે ખૈર વાસ્તે કદમને આગલ વધારવાનું છે.

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**તમારી પહેચાન તમારી સોહબતથી થાશે.**

## લફ્ઝી કશ-મ-કશ




✵ **ઉભી તરકીબ :**

૧) ડર, ખૌફ, હિરાસ. (૨)

૨) અહલુલ બૈત (અ.સ.) ના દુશ્મનોએ મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) થી ______ ની ઝમીન આંચકી લીધી. (૩)

૩) રીત, રિવાજ, તરીકત. (૩)

૭) ગુફ્તગૂ કરવા વાસ્તે કલામ કરવા તૈયાર થાવું યાઅની ______ કુશાઈ કરવી. (૨)

✵ **આડી તરકીબ :**


૨) દુનિયાની રાહત કરતા આખેરતની ______ ઝિયાદહ ફાયદામંદ છે.(૩)

૪) પોતે, ઝાતે.(૨)

૫) ખુદાતઆલા આસ્માનો ઝમીનનો માલિક છે. આસ્માનો ઝમીન વાસ્તે કુરઆને કરીમ કયો લફ્ઝ ઈસ્તેમાલ કરે છે. અર્ઝો ______. (૨)

૬) ખાલિકે અકબર તરફથી પહેલામાં પહેલી જે તખ્લીક થઈ તે લોહ સાથે કઈ ચીઝની હતી? (૩)

✵ **સહી જવાબ આપનાર : પેટીવાલા ઝયનબ એહમદઅલી**




**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર જુમાદિયુલ ઉખ્રા મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✫

---

(પેજ નં. ૪ નું બાકી)

હાઝેરીન લોગોએ જોયું કે, તે સાંપના મુઁહ પર લોખંડનું તાલું લાગેલું છે. તમામ તઅજ્જુબમાં પડી ગયા. પૂછવા લાગા કે, **અય ઈસા! હમેં આ કયો અજીબો ગરીબ નઝારો જોઈ રહ્યા છીએ.** આપ હમને આ સાંપના પાછલ છુપેલા રાઝને બયાન કરો.

મૌ. ઈસા ફરમાવવા લાગા કે, અય શખ્સ! તું ઘણા વક્તથી આ બંદાઓને પરેશાન કરે છે, યહાઁ ખુદાના ઘર નઝદીક તૂફાન મચાવે છે. લેહાઝા, તારાથી મુમેનીનની તકલીફ દૂર કરવા વાસ્તે ખુદાની બારગાહમાં દોઆ કરવું મારા ઉપર લાઝિમ હતું. મેં તારા વાસ્તે બદ્દોઆ કીધી કે, ખુદા તુંને તારા બદ-અમલની સઝા જલ્દીથી આપે. તુંને મૌતમાં મુબ્તેલા કરે. ખુદાતઆલાએ મારી દોઆ તારી મૌત વાસ્તે કુબૂલ કીધી અને ખુદાએ તેને અંજામ આપવા આ ખૌફનાક સાંપને તારા નઝદીક મોકલો કે, તે તુંને ડસીને હલાક કરી દે. કપડાની ગાંસડીમાં તે આવીને છુપી ગયો અને તું તે ગાંસડીને ઉઠાવે તે પહેલા તુંએ તે ઝઈફને તારૂં જમન સદકો કરી દીધું. **ખુદાતઆલાને તારો આ અમલ ખૂબ પસંદ આવો** અને તેના સવાબમાં ખુદાએ તેના ખિદમતગુઝાર ફરિશ્તાઓને મોકલા કે, જેઓ સાંપના મુઁહ પર લોખંડનું તાલું મારે. આ તરહ તે ગુનાહગાર ધોબી સાંપના ઝહેરીલા હમ્લાથી બચી ગયો.

મૌ. ઈસાની ઝબાનથી જે વક્ત તે ધોબીને તેના સાથે જે બનનાર હતું અને સદકાના સબબ બલાથી તે કેમ આઝાદ થયો તેની સચ્ચાઈ સાંભલી તો તેએ ફોરન તૌબા કીધી, પોતાની શૈતાની રવિશ અને કાલા કરતૂતો પર શરમિંદા થયો અને મૌ. ઈસાને અહદો મીસાક આપો કે, **"હવેથી કોઈ વક્ત હું ખુદાની માઅસીયતના કામ નહીં કરૂં અને આપના હર કૌલ-કલામ પર અમલ કરીશ."**

મુમેનીન, મુખ્લેસીન! હમને આ કિસ્સાથી સબક લેવો જોઈએ કે, ખુદાએ સદકામાં એવી તો કેવી તાકત મુકેલી છે કે, તે મૌતને પણ દફઅ કરી દે છે. સદકો તેને કહેવાય કે કોઈ અગર સવાલ કરે તો મખ્ફી તૌરથી તેના સવાલને પૂરો કરવામાં આવે. તે મદદ કે જેને આપનાર અને લેનાર, આ બેવે સિવાય કોઈ તીસરો ન જાણે તો તે મદદ સદકો છે. બલાઓ આફતથી મહેફૂઝ રહેવા મુમેનીન સદકાથી સહારો લે કે, જેનાથી ઔલિયા સહારો લઈ ગયા છે. ✫

**બૈરો પસંદ કરવામાં, મકાન કે ઝમીન ખરીદવામાં અને કોઈની સોહબત ઈખ્તિયાર કરવામાં તમેં ખૂબ ગૌરો ફિકર કરજો.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૨૨

### સદકો, મૌતથી બચાવે છે, ઉંમરને દરાઝ કરે છે.

એક ઈસ્રાઈલી શખ્સ હતો કે જે કપડા ધોઈને પોતાનો ગુઝારો કરતો હતો. જે જગા પર મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) અને આપના મુમેનીન ખુદાતઆલાની ઈબાદત કરતા હતા, તે ઈબાદતગાહને કરીબ તેનું મકાન હતું. જે વક્ત મૌલાના ઈસા તે જગા પર પધારે તો આ શખ્સ આપને જેમ-તેમ બોલે, બદકલામી કરે અને આપના ખિલાફ સાઝિશ કરા કરે. તેની આદત હતી કે, જે વક્ત સાંજ પડે તો ઈબાદતગાહને નઝદીક આવીને બેસે, તેના સાથીઓને ભેગા કરે અને સાથે મિલીને ખૂબ તૂફાન મચાવે, ઝોર-ઝોરથી પુકારી-પુકારીને નાચ-રાગ કરે, રાત પડે કે તમામ શરાબખોરી કરે, ગાલી-ગલોચ કરે અને આવતા-જાતા લોગોને હેરાન-પરેશાન કરે. આ દૌર ઘણા વક્ત તક ચાલો.

જે વક્ત બરદાશ્તગીની તમામ હદો પાર થઈ ગઈ તો ઈબાદતગાહમાં આવનાર તમામ મુમેનીન ઈસા નબીને પાસે ગયા, તે શખ્સ અને તેના સાથીદારોંના ફિત્નાથી આપને આગાહ કીધા, શિકાયત કીધી અને અરઝ ગુઝારી કે, જો આપને તેના ફસાદનો ઐની મુશાહેદો કરવો હોય, આઁખોંથી જોવું હોય તો આપ રાત તક ઈબાદતગાહમાં ઠહેરીએ અને જોઈએ પછી જે આપ તેના વાસ્તે ફેસલો કરશો તે હમને મન્ઝૂર હશે. મૌ. ઈસાએ કહ્યું કે, મને તમારા પર યકીન છે કે, તમેં કોઈ વક્ત જૂઠ નહીં બોલો! **ખુદાતઆલાએ મુમેનીનના હર ફેઅલને પાક કીધા છે.** તમેં મને કહો કે, તે શખ્સ હમણા કહાઁ હશે? ઈબાદતગુઝાર મુમેનીને કહ્યું કે, હમણા તે લોગોના કપડા ધોવા નહેર પર ગયેલો છે. આપે ફરમાવું કે, "અય ખુદાના બંદાઓ! તમેં ખુશખબરી લો કે, હવે તે બદબખ્ત શખ્સ નહેરથી સલામત નહીં આવે. ઝિંદા પાછો નહીં ફિરે!"

ઈબાદતગુઝારોં ખુશ થઈને ઈબાદતગાહને બાહર જમાઅ થઈ ગયા એમ ઉમ્મીદ સાથે કે, ફિત્ના-ફસાદ કરનારનો અંજામ આખિર આવી જ ગયો. બધા જ ઈન્તેઝારમાં હતા કે, હમણા તે શરાબીના મૌતની ખબર આવશે. વક્ત ગુઝરતો ગયો પણ કોઈ ખબર ન આવી. અચાનક તેઓની નઝરને સામે તે શરાબી શખ્સ આવીને ઊભો થઈ ગયો. સહી સલામત હતો. ફીકા ચહેરાઓ જોઈને કહેવા લાગો કે, **કેમ! શું મને પહેલી વાર જોઈ રહ્યા છો?** આટલા તઅજ્જુબમાં કેમ છો? તમામે સવાલ કીધો કે, શું તું નહેરથી આવી રહ્યો છે? તે શખ્સે કહ્યું કે, હાઁ! જોવ આ કપડા ધોઈને આવી રહ્યો છું.

એવામાં ઈસા નબી પધારા, તો મુમેનીન આપના ઈર્દ-ગિર્દ ઉભા થઈ ગયા અને પૂછવા લાગા કે, અય ખુદાના નબી! આપ આ શખ્સને જોઈ રહ્યા છો કે, તે બિલકુલ સલામત નહેરથી પાછો આવી ગયો છે. ન તેને કોઈ ઈઝા પહોંચી ન તે કોઈ બલામાં ગિરફ્તાર થયો છે. મૌ. ઈસા પણ હેરાન થઈ ગયા. આપે તે ગુનાહગાર શખ્સને બોલાવો અને પૂછ્યું કે, તું આજે નહેર પર ગયો તો કપડા ધોવા સિવાય તુંએ બીજો કયો અમલ કીધો? તે શખ્સે કહ્યું કે, કઈ ખાસ મેં કીધું નથી. પણ મારી આદત મુજબ હું રોઝ મારા સાથે જમવાનો તોશો લઈ જાઉં છું. કપડા ધોયા બાદ ભુખ લાગે તો તોશા માંથી જમન જમી લઉં છું. આજે પણ મેં એ જ મુજબ કીધું. હાઁ! કપડા ધોયા બાદ જે વક્ત મેં તોશો ખોલીને રોટલી જમવા બેસો તો મેં જોયું કે, **નહેરના કિનારાના નઝદીક એક નાની ટેકરી પરથી એક ઝઈફ શખ્સ લાકડીઓનું ભારી વઝન ઉઠાવીને મારા તરફ આવી રહ્યો છે.** મેં જોયું કે, તે પસીનાથી તર-બ-તર છે અને મહેનત-મશક્કતના સબબ તેનું પેટ તેની પીઠ સાથે ચોટી ગયું હોય એમ લાગતું હતું. તે ઝઈફ હાંફતો-હાંફતો મારા નઝદીક આવીને ઉભો થઈ ગયો. તેની ખસ્તાહાલી જોઈને મને તેના પર ઘણો રહેમ આવો તો મેં મારા પાસે જેટલી રોટલી બચેલી હતી તે તમામ તેને આપી દીધી. તે ઝઈફે મારા હક્કમાં ખૂબ દોઆઓ કીધી.

ઈસા નબીએ ફરમાવું કે, અય શખ્સ! તારી રોટલીઓનો સદકો કરીને અને એક ભુખા ઝઈફનું પેટ ભરીને તુંએ ઘણું નૈકીનું કામ કીધું છે. આ સદકાના સબબ તારા ઉપર આવનારી બલા અને મૌત ટલી ગઈ છે. જા, તું તારા ઘરેથી કપડાની ગાંસડી લાવ અને મારા સામે તેને ખોલ. તે શખ્સ ગયો અને ધોયેલા કપડાની ગાંસડી ઉચકીને લાવો. મૌ. ઈસાએ કહ્યું કે, હવે તું આને આહિસ્તાથી ખોલ. જે વક્ત ગાંસડી ખોલી તો જોઈ છે શું કે કાલા રંગનો એક ખૌફનાક સાંપ કપડાઓને દરમિયાન છુપેલો હતો.
(બકીયાહ પેજ નં. ૩ ૫૨)

**જેવી તમારી સોહબત હશે તેવા તમારા વિચારો બનશે.**

## કલમ

ખુદાતઆલાએ અવ્વલમાં અવ્વલ "કલમ" ને પૈદા કીધી જે ઊભી, સીધી અને વન-ડાયમેન્શનમાં હતી, જેમકે ઈન્સાન ઝમીન પર ઊભો રહે છે તેમ. કુરઆને કરીમમાં આ કલમે જે કંઈ લખ્યું તેને પઢવાનો હુકમ પહેલી આયત **"ઈકરા બેઈસ્મે રબ્બેકલ્લઝી ખલક"**, સૂરતુલ અલકમાં થયેલો છે. લખાણ લખાયું હોય તો જ પઢાય અને લખાણ ક્યારે કહેવાય કે કોઈ લખવાનું સાધન હોય અને કોઈ લખનાર હોય. ખુદાતઆલા પોતાના કલામમાં "કલમ" ના કસમ ખાય છે અને તેનો ઈશારો હમને **"અલિફ-લામ-મીમ"** માં પણ મિલે છે. પછી કલમનો સાથીદાર યારીદૈન બનાવવામાં આવો, જેને "લોહ" (સ્લેટ, લખવાનું પાટીયું) કહેવાય છે.

ખુદાતઆલાએ કલમની તખ્લીક કીધી તો તેને આ પાઁચ બાબતો કહી બતાવી. અય કલમ! તું આ ચીઝોને હમેશા યાદ રાખીશ તો તું બહેતરમાં બહેતર કલમ સાબિત થઈશ. ૧) તું ઘણું અઝીમ કામ કરી શકીશ. શરત એક જ છે કે તું તારી ઝાતને કોઈના હવાલે કરી દે. ૨) છોલાવાનું દર્દ તુંને વારે-ઘડીએ બરદાશ્ત કરવું પડશે, મગર બહેતર બનવા તે ઝરૂરી છે. ૩) કોઈ પણ ભૂલ તું કરે તો તેને સુધારવાની તૈયારી પણ પોતે જ રાખજે. ૪) તારૂં સૌથી અહમમાં અહમ અંગ તારા અંદર સમાયેલું છે, તેથી તું તે અંગને ખૂબ સાચવજે. ૫) જેના પર પણ તારો ઈસ્તેમાલ કરવામાં આવે ત્યાં તુંને તારી નિશાની છોડી જવાની છે. જેવા પણ હાલાત હોય તુંને લખવાનું ચાલું રાખવાનું છે.

આ પાઁચ બાબતો આમ તો કલમને લગતી છે, પણ તે ઝરૂરથી અપના પોતાના વાસ્તે પણ લાગું થાય છે! હાઁ, તો અપને ખુદને એક કલમ સમઝીએ અને ઉપર ઝિક્ર થયેલી બાબતો અપને ઈન્સાનોં વાસ્તે કઈ તરહ ફાયદો આપી શકે છે, તે તલાશ કરવાની કોશિશ કરીએ. ૧) ફરઝ, ખિદમત, ચાકરી અને ઈતાઅત-ગુઝારી જેવા અઝીમ કામ અપને ત્યારે જ કરી શકીએ જ્યારે ખુદને પાક પરવરદિગાર રબ્બુલ આલમીનને હવાલે કરી દઈએ. આ સિવાય જે ફનકારી અને ઈલ્મ ખુદાએ અતા કીધું હોય તેને

(બકીયાહ પેજ નં. ૭ પર)

## ગાયથી ગાય, ઘોડાથી ઘોડો અને ઈન્સાનથી ઈન્સાન

એક શખ્સે ઘોડી પાલેલી હતી અને ચંદ વક્તમાં જ તેને બચ્ચું પૈદા થયું. ઘોડાનું બચ્ચું ઘણું જ ખૂબસૂરત હતું, તેનું બદન રેશમ જેમ મુલાયમ, બરફ જેમ સફેદ અને તારા જેમ ચમકતું હતું. પૂરૂં બદન સફેદ હતું પણ તેની આઁખોંના બેવે જાનિબ કાલા રંગની ગોલ નિશાની હતી. તેના સબબ તે પૂરી આબાદીમાં મશહૂર થઈ ગયું અને તે જે વક્ત તેની માઁ સાથે નિકલે તો તે તમામની નઝર ખેંચતું હતું. એક દિન બાઝારમાં તે જાતું હતું અને કોઈએ મૌકો જોઈને તેને અગવા કરી લીધું અને એક મોટી ચાદરમાં તેને છુપાવીને ઘર લઈ ગયો. ત્યાં તે ઘોડાનું બચ્ચું એક સાલ તક કૈદ રહ્યું અને જે શખ્સે ચોરી કીધી હતી તેએ તે બચ્ચાને ગાયનું દૂધ પીલાવું.

થોડા વક્ત બાદ જે વક્ત બચ્ચું મોટું થયું, ઔર ઝિયાદહ જમાલદાર થયું અને ચરબીદાર થયું તો ચોરે વિચારું કે, મારા ઘરમાં બચ્ચાનો કાફી વક્ત ગુઝરી ચુકો છે, મારા આસપાસના લોગો તેની ઝિક્ર પણ ભુલી ગયા છે. તો લાવ હું તેને બાઝારમાં લઈ જાઉં અને ભારી કીમત લઈને વહેંચી દઉં. બચ્ચાનો જે અસલ માલિક હતો તેને યકીન હતું કે, બચ્ચાની ખાસીયત અને ખૂબસૂરતીના સબબ ઝરૂર તેને ચોરનાર તેને વહેંચવાને વાસ્તે બાઝારમાં આવશે. લેહાઝા એ સવાર-સાંજ બચ્ચાની તલાશ કરવા બાઝારમાં હર રોઝ આંટા મારતો હતો. એના ઘરવાલા પણ બાઝારની હરએક ગલીમાં ચાંપતી નઝર રાખતા હતા.

જે વક્ત તે ચોર બચ્ચાને લઈને બાઝારમાં આવો કે તરત જ તેના માલિકના જાસૂસ હરકતમાં આવી ગયા અને માલિકે તેના બચ્ચાને પહેચાની લીધું અને ચોરને પકડી પાડો. ચોરે તે માલિકની કોઈ હુજ્જત ન સાંભલી અને કહ્યું કે, **"આ બચ્ચાનો માલિક હું જ છું."** બાઝારમાં ખૂબ મોટો ઝઘડો થયો યહાઁ તક કે, આ ઝઘડો કાઝી પાસે પહોંચો. બચ્ચાના માલિકે ફરિયાદ કીધી અને પોતાની માલિકી વાસ્તે તમામ હુજ્જતો દલીલ પૈશ કીધી. કાઝીએ પહેલા માલિકના હક્કમાં રાય ઝાહિર કીધી પણ જે વક્ત ચોરે અંદરખાનેથી કાઝીના હાથમાં રૂશ્વત થમાવી કે, ફૌરન કાઝીએ ચોરના હક્કમાં ફેસલો આપી દીધો. કહ્યું કે, આ ભાઈ (ચોર) ના ઘરે ગાય

(બકીયાહ પેજ નં. ૯ પર)

**કબરની ઝિયારત તમને સાહેબે કબરની સોહબત ઈખ્તિયાર કરાવશે.**

# સરખામણીનું દુઃખ

કુદરી કોઈ વક્ત તેની પાંખોના રંગોની સરખામણી બીજી કુદરીના રંગ સાથે કરતી હશે? મેઘધનુષ-રેનબોના સાતે સાત રંગોને એક-બીજાનો હિરસ થાતો હશે? મચ્છીઓ તિલવાનો અને ડૂબકી લગાવવાનો મુકાબેલો ઉભો કરીને કોણ ઝિયાદહ તૈઝ તિલી શકે છે તેની સરખામણી કરતી હશે? નહીં આ બને જ નહીં. પણ હાઁ, એટલી ખબર છે કે, ઈન્સાન હર વક્ત પોતાની સરખામણી બીજાના સાથે કરતો ફિરે છે!

બચ્ચું નાનું હોય તે વક્તથી તેના દિમાગમાં એક વાત ઠોકી બેસાડાય છે કે, તુંને કોના જેવું થાવું છે? તમામને કોઈકના જેવું થાવું છે. એવા ઓછા લોગો હશે જેને જે પોતે છે તેના જેવું જ રહેવું છે. હરએક શખ્સ પોતાની ઝિંદગીની મંઝિલ નક્કી કરી રાખે તેમાં કંઈ ખોટું નથી. કોઈ શખ્સ, કોઈ ઊંચી શખ્સીયતના કલામને કે કોઈ ઊસૂલને માઈલ સ્ટોન માનીને તે હદ તક પહોંચવાની કોશિશ કરે એમાં પણ કંઈ ગૈરવાજિબી નથી, પણ સરખામણી કરીને દુઃખી રહેવું તેનો કોઈ મતલબ નથી. એ પણ ઝહેનમાં રાખવું જોઈએ કે, કોઈના જેવા થાવામાં પોતાની અસ્લી પહેચાન ન ગુમાવી દેવાય! **બની શકે કે તમેં બીજા શખ્સ કરતા પૂરા જુદા, અનોખા અને નિરાલા હોવ!**

ખુદાતઆલાએ જે આ અઝીમ અને દિલકશ કુદરત બનાવેલી છે તેમાં કેટલી-કેટલી, તરહ-તરહની, રંગબેરંગી, હર મૌસમ અને હર જગાની, હર ઝાત અને હર ભ્રાતની, હર ઝાયેકા અને હર આદતની મુખ્તલિફ ચીઝો બનાવેલી છે જે અપને એ યાદ અપાવે છે કે, કુદરતમાં મઝા તે જ વક્ત છે કે, તેમાં રહેલી ચીઝોમાં ઈખ્તેલાફ હોય. ઘરમાં પકાવનાર એક હોય છે પણ રોઝ-બ-રોઝ અપને એક જ હાથનું અલગ-અલગ ટેસ્ટનું જમન જમીએ છીએ. તો અપને બીજા જેવા સરખા તો થઈ જ ન શકીએ. ખુદાતઆલાએ તે વાસ્તે ઈન્સાનને જુદી-જુદી ઝાતના, જુદી-જુદી જગાઓ પર, જુદી જુદી તબીઅતો મિઝાજના બનાવા છે. આના બાવુજૂદ ઈન્સાન બીજા સાથે પોતાની સરખામણી કરીને દુઃખી થાતો રહે છે.

એક મશહૂર અખ્બારે સર્વે કીધો તો જાણવા મિલું કે, ૭૫ ટકાથી વધારે લોગો પોતાના પગારની સરખામણી બીજા સાથે કરીને દુઃખી થાય છે! ગૌર કરવાની વાત તો એ છે કે, જે લોગો પર આ સર્વે કરવામાં આવો એ બધા જ સારા પગારની નોકરી કરતા હતા! પગાર એ ઝિંદગીનો કે હુશિયારીનો માપદંડ નથી! તમારાથી કોઈનો પગાર વધારે હોય તો એ માની લેવાની કદી ઝરૂરત નથી કે, એ શખ્સ તમારાથી વધારે હુશિયાર, વધારે ડાહ્યો, વધારે જાણકાર કે સુખી છે. **દેખાદેખીથી ઈન્સાન સૌથી વધારે દુઃખી થાય છે.** ઘણા ઓછા લોગો એવું વિચારતા હોય છે કે, મારા પાસે મને જોઈએ એ બધું જ છે અને મારા વાસ્તે પૂરતું છે, હું મારા નઝદીક જે છે એનાથી સુખી છું, ખુશ છું.

ઊંચા ભણતરના જુનૂનમાં વાલેદૈન પોતાના બચ્ચાઓથી ખૂબ ઉમ્મીદ રાખીને બેસા હોય છે. માર્કસ, ગ્રેડ, મેરીટ, ટકા, એન્ટરન્સ ટેસ્ટ, એડમીશન વગૈરહના ચક્કરમાં વાલેદૈન પોતાની ઔલાદના ફ્યૂચર અને કરીયર વાસ્તે ફિકરમંદ હોય છે. પોતાના ફરઝંદના બીજાના ફરઝંદથી બે-પાઁચ ટકા ઓછા આવે તો પણ વાલેદૈન દુઃખી દુઃખી થઈ જાય છે. દુઃખ ની વાત તો એ છે કે, સરખામણી અને ખોટી ઉમ્મીદો સ્ટૂડન્ટના પોતાના ઉપરના એતેમાદ અને એતેબાદનો કૂચો કાઢી નાંખે છે. સ્ટૂડન્ટમાં હુશિયારી હશે તો એ કોઈના કોઈ લેવલ પર પોતાની ઝહેની તાકતને બાહર લાવશે.

તમામ ઈન્સાનની પૈદાઈશ અને મૌત એક જેવી છે. ઝિંદગી જીવવાની હાજતો એક જેવી છે, જેમકે, ઝબાન, ફેમીલી, ઘર, જમન, કપડા, ખુશી-ગમી નો ઈઝહાર, સમાજી વહેવાર યા દૌલતના અસ્બાબ. દુનિયામાં રહેવા વાસ્તે તમામને આ ચીઝો વધારે યા કમ અપનાવવી તો પડે જ છે. જે ઈન્સાન આ ચીઝોને ઉમ્દા તૌરથી સમઝે અને એની ઝિંદગીમાં ખુબસૂરતી સાથે ઉતારે એની સરખામણી બીજા સાથે ન થઈ શકે કે જે દુનિયાના મકસદને સમઝો જ ન હોય. હાલાંકે બેવેનું દુનિયામાં આવવું અને દુનિયાથી જાવું એક જેવું જ છે. આ જ મુજબ દીને ઈસ્લામને માનનાર લાતાઅદાદ લોગો છે, બેશુમાર કૌમો છે. હર મુસ્લિમ કૌમ કુરઆન, કિબ્લા અને રસૂલને માને છે. પણ અહલુલ બૈત (અ.સ.) ની તાઅલીમના સબબ અપને દીને ઈસ્લામને જે (બકીયાહ પેજ નં. ૭ પર)

**ઉમ્દા લોગોની સોહબતની નિશાનીઓ ઈન્સાનની આદતોંમાં અને વહેવારમાં ઝલકે છે.**

(પેજ નં. ૬ નું બાકી)

નઝરીયાથી જોઈએ છીએ, ખુદાતઆલાની તૌહીદ, કુરઆન-કિબ્લાના મમ્સૂલ અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વસી અને આલને અપને જે તરીકાથી તસ્લીમ કરીએ છીએ તે બીજા નથી કરી શકતા. અપની કોઈપણ ચીઝને બીજા સાથે સરખાવી ન શકાય. મુરઘો અને મોર બેવે પરિંદા તો છે જ, **પણ શું મુરઘાની કલગીને મોરની કલગી સાથે સરખાવી શકાય!**

રિવાયતમાં છે કે, એક સાંજે રાજા તેના વઝીરને લઈને સલ્તનતના અખ્બાર જાણવા નિકલો. રાજા અને વઝીર બેવે એક ગામના છેડા પર આવેલા એક ખેતરમાં પહોંચા. ચોપાઈ મંગાવી અને રાજા થાક ખાવા તેના પર બેસો. થોડે દૂર ખેડૂત, એની બૈરો અને બે દીકરા સાથે બેસીને સુકૂનથી સાંજનું જમન જમી રહ્યા હતા. રાજાને પોતાના ખેતરમાં જોઈને ખેડૂત ઊભો થઈ ગયો અને રાજાનો ખૂબ ઈકરામ કીધો. રાજાએ ખેડૂતને પૂછ્યું કે, ભાઈ! તું સુખી તો છે ને?

ખેડૂતે જવાબ આપો કે, હાઁ સાહેબ! હું બહુ જ સુખી છું. આ થોડે દૂર જે વાડ બાંધેલી છે તે હદ તક મારૂં ખેતર છે. બાઝૂમાં વહેતી નદી માંથી પૂરતું પાની મિલી રહે છે, દર સાલ સારો પાક થાય છે, મોહબ્બ્તથી મારૂં ઘર ચલાવે એવી મારી નૈક બૈરો છે અને ચાંદ જેવા આ મારા બે પ્યારા દીકરા છે. સુખ કહેવાય એવું બધું જ મારા પાસે છે! રાજાએ ખુશી ખુશી તે ખેડૂત પાસેથી રૂખસત ચાહી અને વઝીર સાથે બીજી જગા પર જાવા ત્યાંથી નિકલી ગયો.

રાજાએ વઝીરને પૂછ્યું કે, મને એમ કેમ લાગે છે કે, એ ખેડૂત મારા કરતા સુખી છે! મારા ખઝાનાઓ માલ-મિલકીયતથી ભરેલા છે. એક ખેડૂત તો શું, હઝાર એવા ખેડૂતની મારા નઝદીક શું કુદરત! બેખૌફ વઝીરે સમઝ પાડી કે, "અય માલિક! ખેડૂત પાસે જે છે એનાથી એ ખુશ છે અને તમેં તમારા પાસે જે છે એને વધારવાની ફિરાકમાં જ મશ્ગૂલ રહો છો. ખેડૂત એના દીકરાઓને ખેતી શીખાવે છે અને તમેં તમારા ફરઝંદોને લડાઈ કરતા શીખવો છો! તમને તો એ પણ ફિકર રહે છે કે, લડાઈમાં શાહઝાદા કઈ ઝખ્મી તો નહીં થાય ને? જંગ કરતા કરતા કોઈ મારી તો નહીં નાંખે ને? **તમેં તમારી સરખામણી મોટા રાજાઓ સાથે કરો છો અને દુઃખી રહો છો!**"

અપને બધા જ થોડાં-વધારે રાજા જેવું જ કરતાં હોઈએ છીએ. ઘણા એવા પણ હોય છે કે, જે પોતાનાથી ઓછું હોય એના સાથે સરખામણી કરીને પોતાની ઝાત પર ફખર ખાતા હોય છે. આવા હાલાતમાં ઈન્સાન પોતાનાથી જેના પાસે ઓછું હોય તેને કમ્ઝોર ગિન્તો હોય છે. વધારે હોય તેના સાથે સરખામણી જેમ મુનાસિબ નથી એ જ મુજબ જેના પાસે ઓછું હોય તેના સાથે પણ કમ્પેરીઝન વાજિબી નથી. **કેમકે, કોઈનું વાધારે જોઈને હિરસ થાય છે અને કોઈનું ઓછું જોઈને તેના વાસ્તે કરાહીયત-ઈન્કાર પૈદા થાય છે.** પૈસાની જાલમાં કેદ આ દુનિયામાં ઈન્સાન નૈકોકાર બનવા કે ઈમાનદાર બનવા કોઈ જ કોશિશ કરતો નથી. મિલકત-પૈસાની સરખામણી એક પરપોતા મુજબ છે, જે વક્ત તે ફૂટે છે તે વક્ત હકીકત માઅલૂમ પડે છે.

યાદ રાખો, તમેં જેવા છો એવા રહેશો તો કોઈ તમને દુઃખી નહીં કરી શકે. દરેક શખ્સને ખુદાતઆલાએ તેના પૂરતું આપું જ હોય છે પણ અપને તો હમેશા બીજા કરતાં વધારે જોઈતું હોય છે. સુખ વાસ્તે મિલ્કીયત અને દૌલત એહમીયતની નથી. ઈખ્લાસો મોહબ્બ્ત, દેખભાલ, રિશ્તેદારી અને કનાઅત એહમીયતનો કિરદાર ભજવે છે. બીજા સાથે સરખામણી કરવાનું છોડીને તમારા પાસે જે છે તેના વાસ્તે વિચાર કરશો તો બિલ-યકીન એવો એહસાસ થાશે કે, **હું ખૂબ સુખી છું!** ✩

---

(પેજ નં. ૫ નું બાકી)

આપસમાં મિલી-સમઝીને તકસીમ કરીએ, એકબીજાને ફાયદો પહોંચાવીએ. ૨) ઝિંદગીમાં આવતી આફતો, મુસીબતો અને મુશ્કિલીનો સામનો કરતા કરતા હર ઘડી તેના તાપ અને આગમાં શેકાવ્વાનું થાય છે. દર્દનો અહેસાસ થાય છે. પોતાને મઝબૂત બનાવવા અને મકસદ તક પહોંચવા પોતાની ઝાતને ઘસીએ, છોલીએ. ૩) જે પણ ભૂલ કરીએ તેનો અહેસાસ થતાં તેને સુધારવાની તૈયારી જો અપને રાખીએ તો બીજી તક ઝરૂર પામીએ. ૪) અપની મૌજૂદગી અને નિય્યતો ઈરાદામાં સૌથી એહમીયતનો ભાગ તો અપના અંદર બાતિનમાં રહેલો છે. **બાતિન યાઅની દિલી ઈમાનો યકીનને કામિલ અને ખૂબસૂરત બનાવીએ તો અપનું ઝાહિર ખુદ-બ-ખુદ ખૂબસૂરત થઈ જાશે.** (બકીયાહ પેજ નં. ૮ પર)

**કોઈ પણ સોહબતમાં ગૈર લોગો હોય તો દીન બાબતની તમેં કોઈ ગુફ્તગૂ ન કરો.**

## લાલચ : એક રોગ

તમને કોઈ કહે કે, લાલચ-લોભ એ એક તરહનો રોગ છે તો તમે તે સાચું નહીં માનો. પણ હકીકતમાં ગુસ્સો, ડર, ફિકર, હસદ વગૈરહ એવી ઝહેની હાલત છે કે જેથી ઈન્સાનની સુકૂનભરી ઝિંદગીમાં દખલ પૈદા થાય છે. આ જ લાઈનમાં તેનું લોભી હોવું એ પણ એક તરહની ઝહેની બીમારી-માનસિક રોગ જ છે. એકઠું કરવું એ ઈન્સાનની આદત છે. અમુક હદ સુધી તે બરાબર છે, પણ જ્યારે તે હદ કરતા વધી જાય તો તે ઝહેની તકલીફ બને છે, જેના સબબ ઘરના લોગોને બરદાશ્ત કરવાનો વારો આવે છે.

દૌલતની લાલચ એ આજના વક્તમાં સૌથી ખતરનાક લાલચ ગણાય છે, કેમકે, ઝિંદગી જીવવા વાસ્તે તેમજ સુખ-રાહતના સાધનો વસાવવા તે આજના ઝમાનાની પહેચાન અને ઝરૂરત બનતી જાય છે. **પૈસો એ દુનિયાની ચીઝ છે, પણ પારસાઈ તે આખેરતની રોનક છે.** પૈસાથી દુનિયાના તરહ-તરહના સાધનો ચોક્કસ ખરીદાય પણ આખેરતના મકામ ન ખરીદાય. સાધનોથી આમને આમ સુખી નથી થવાતું પણ સાધનોનો ઈસ્તેમાલ કરીને પોતે કેટલાને સુખી કરી શકા યા કોઈને એક ઝર્રા બરાબર સુખ આપી શકા, તે જ અસલી સુખ છે. પૈસાના "**ગાંડપણ**" માં દૌલત આવવાથી લોગો પોતાને જો સુખી માનતા હોય તો તે હિમાકત છે, કેમકે જો કોઈ દૌલતમંદ બને છે તો સામે કોઈ ફકીર પણ બને છે. દૌલતનો આ ચક્કર તો ચાલા જ કરે છે, જે આજે તમારા પાસે છે તે તમારા પહેલા કોઈ બીજા પાસે હતી અને આવતીકાલે તે કોઈ બીજાની પાસે જાવાની છે.

અપના માંથી ઘણા ખૂબ દૌલત હાસિલ થાય તે વાસ્તે જીવીએ છીએ, ઝિંદગીભર એની ફિકર કરીએ છીએ. આ અપને એ વાસ્તે કરીએ છીએ કે અપને સુખ અને સલામતી જોઈએ છે. પણ આ "સુખ" નો લફ્ઝ ઘણો છેતરામણો છે. અપને દુનિયાની ચંદ પલોની રાહતને અને શોહરતને દૌલતથી ખરીદી શકીએ છીએ પણ કાયમી સુખ એ જુદી વસ્તુ છે, એ પાક દિલો ઝમીરની વસ્તુ છે. એ પૈસા ખર્ચા બગૈર જ મિલી જાય છે. આજે તો દુનિયામાં જે શખ્સ પાસે ખૂબ દૌલત હોય તેને કામિયાબ અને સુખી માનવામાં આવે છે પણ સુખી ઝિંદગીનો માપદંડ અને અંદાઝો દૌલતથી ખરીદાતી દુનિયાની ચીઝો નથી પણ જે કોઈ કીમત બગૈર હાસિલ થાય છે એનું હોવું છે. અમલે ખૈર બાદ દિલને જે ખુશી મિલે છે તે છે. તે કામ કે જેમાં મહેનત અને પસીનો શામિલ હોય તે છે. તે કામ કે જેમાં લોગો ઈઝ્ઝતની નિગાહથી જોઈ તે છે. આ ખુશી અને ઈઝ્ઝત પૈસાથી ખરીદાતી નથી.

એક વક્ત એક નદી માંથી બે ડૂબેલી લાશને બાહર કાઢવામાં આવી. એમાંથી એક ગરીબ હતો, જેને એ દિવસે રસ્તા માંથી એક પાકિટ મિલી હતી જેમાં પાંચ હઝાર રૂપિયા હતા. એની ખુશીમાં એને ખૂબ નશો કીધો અને ભાન ગુમાવી નદીમાં કૂદી પડો. બીજો શખ્સ દૌલતમંદ હતો, જે જુગારની ખરાબ આદતના સબબ એનું બધું જ હારી ગયો હતો. ફક્ત પાંચ હઝાર રૂપિયા જ એની પાસે બચા હતા. બેવે શખ્સ પાસે પાંચ હઝાર રૂપિયા હતા. પણ એકને વાસ્તે એ ખૂબ જ વધારે હતા અને બીજાને વાસ્તે ખુબ જ ઓછા. આ ચીઝ બેવે દિલો દિમાગ પર એ મુજબ અસર છોડી ગઈ કે બેવે એ હદની દૌલત બરદાશ્ત ન કરી શકા અને પોતાનો જીવ ખોયો.

દૌલત જમા કરવા વાસ્તે હોતી નથી, તે કોઈના કોઈ વક્ત ચાલી જાશે. સમઝદાર શખ્સ તો એ છે કે, ખુદાતઆલાએ જો એને દૌલતથી નવાઝો હોય તો તે પહેલા કે દૌલત પોતાનો રસ્તો ઢુંઢે, એના પર લાઈક છે કે, દૌલતને બરાબર રસ્તે લગાડીને ખૈરની પૂંજી ઊભી કરી લે. દૌલત ભલે હોય કે ન હોય પણ દૌલતે ખૈર તો સાથ હશે જ. લાલચ જો ખૈરની હશે તો ગૈર ચીઝની લાલચ કોઈ વક્ત નહીં થાય. ✩

---

(પેજ નં. ૭ નું બાકી)
દરખ્તનું બાતિન કે જે ઝમીનમાં પૌશીદા છે, જડ છે તે બરાબર હોય તો તેના ફલફૂલના ખિલવામાં કોઈ દિક્કત ન હોય શકે. ૫) કોઈ પણ જગે એક ઉમદા છાપ છોડી જાવાની છે. જેમ સૂરજ-ચાંદ આ ઝમીન પર દિન-રાતના આ મુસલસિલ સફરમાં પોતાની છાપ અને યાદ છોડી જાય છે, તેમ ઝિંદગીમાં તડકો-છાયો તો આવા જ કરે પણ અપને અપની ફરઝ આઅલા તરહથી બજાવીએ તે જ અપના વાસ્તે કાયમી યાદ અને કીમતી પૂંજી હશે.

---

**ચશ્મે દિલે રૌશન સે ક્યા ક્યા નઝર આતા હે,**
**દુનિયા નઝર આતી હે, ઉક્બા નઝર આતા હે,**
**ગર ચશ્મે બસીરત સે દેખો તો હકીકત મેં,**
**કતરે મેં ભી લહેરાતા દરિયા નઝર આતા હે.** ✩

**રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સોહબતમાં ઘણા અરબોં હતા પણ ઘણા કમ આપના દરજાને સમઝતા હતા.**

## ઈલ્તેજા
## બ-દરગાહે બિઝઅતે રસૂલ બીબી બતૂલ (અ.સ.)

અય હઝરતે ખૈરૂન્નિસા મુશ્કિલ મેરી આસાઁ કરો,
બિન્તે મોહંમદ મુસ્તફા મુશ્કિલ મેરી આસાઁ કરો,
ઝૈબે મકાને મુરતઝા મુશ્કિલ મેરી આસાઁ કરો,
અય બાઝુએ મુશ્કિલકુશા મુશ્કિલ મેરી આસાઁ કરો,
મૈં દુખ મેં હું બહરે ખુદા, મુશ્કિલ મેરી આસાઁ કરો,
બીબી બતૂલે પારસા, મુશ્કિલ મેરી આસાઁ કરો.

તુમ કિબ્લએ દારૈન હો તુમ કાઅબએ કૌનૈન હો,
હઝરત ખદીજહ કે જિગર અહમદ કે નૂરૂલ ઐન હો,
તુમ આશિકે સિબ્તૈન હો તુમ માદરે હસ્નૈન હો,
જબ ફિકરો ગમ દિન રૈન હો ફિર કિસ તરહ સે ચૈન હો,
અય ખલ્ક કી હાજિતરવા, મુશ્કિલ મેરી આસાઁ કરો,
બીબી બતૂલે પારસા, મુશ્કિલ મેરી આસાઁ કરો.

જન્નત કી ઝીનત આપ હૈં, ખાતૂને જન્નત આપ હૈં,
બેહરે ઈનાયત આપ હૈં, બારાને રહેમત આપ હૈં,
દો અબરૂએ કૌનૈન હૈં, દરિયાએ ઈઝ્ઝત આપ હૈં,
ક્યૂં ફિકરે રોઝી હો મુઝે, જબ અહલે હિમ્મત આપ હૈં,
અય ચશ્મએ જૂદો સખા, મુશ્કિલ મેરી આસાઁ કરો,
બીબી બતૂલે પારસા, મુશ્કિલ મેરી આસાઁ કરો.

આલમ મેં તેરા રાજ હે, શાહોં કી તું સરતાજ હે,
ખલ્ક આપકી મોહતાજ હે, મેરી તુમ્હીં કો લાજ હે,
દરિયાએ ગમ મવ્વાજ હે, ઈકલીમે દિલ તારાજ હે,
એક લહેઝા કલ પડતી નહીં, ક્યા ક્યા યે ઈઝા આજ હે,
કલ કાભી ખતરા હે બડા, મુશ્કિલ મેરી આસાઁ કરો,
બીબી બતૂલે પારસા, મુશ્કિલ મેરી આસાઁ કરો.

તું ખુલ્દ કી મુખ્તાર હે, રિઝવાઁ અમાનતદાર હે,
દસ્તે કરમ દુરબાર હે, પૈગમ્બરી દરબાર હે,
જો મુફલિસો બેકાર હે, તું ઉસકી હામીકાર હે,
મુઝ ખસ્તાદિલ કા તુઝ સિવા કોઈ નહીં ગમખ્વાર હે,
અપની યહીં હે ઈલ્તેજા, મુશ્કિલ મેરી આસાઁ કરો,
બીબી બતૂલે પારસા, મુશ્કિલ મેરી આસાઁ કરો.

મકબૂલે રબ્બુલ આલમીં, અય અરશો કુરસી કે નશીં,
જાને શફીઉલ મુઝનેબીં, મખ્દૂમએ દુનિયાઓ દીં,
અય અફસરે આલે અબા, ઘર હે તેરા ખુલ્દે બરીં,
યે બાત કર મેરી યકીં, કોઈ મેરા તુઝ બિન નહીં,
મેં હું અલમ મેં મુબ્તેલા, મુશ્કિલ મેરી આસાઁ કરો,
બીબી બતૂલે પારસા, મુશ્કિલ મેરી આસાઁ કરો.

તુમ દીન હો ઈમાન હો, તુમ માઅનીએ કુરઆન હો,
તુમ ખાસએ રહેમાન હો, તન હે નબી તુમ જાન હો,
તુમ ચશ્મએ એહસાન હો, ફૈઝો અતા કી ખાન હો,
મુશ્કિલ હે સાઈલ આપકા, બેરિઝ્કો બેસામાન હો,
કિસસે કહું મેં માજરા, મુશ્કિલ મેરી આસાઁ કરો,
બીબી બતૂલે પારસા, મુશ્કિલ મેરી આસાઁ કરો.

હાલત મેરી તગયીર હે મોહતાજી દામનગીર હે,
બિગડી હુઈ તકદીર હે બેફાયદા તદબીર હે,
મેરી ઝબાન કી હર દોઆ ઔર આહ બેતાસીર હે,
કામોં મેં મુઝ નાકામ કે કિસ વાસ્તે તાખીર હે,
બીમાર કો તુમ દો શિફા, મુશ્કિલ મેરી આસાઁ કરો,
બીબી બતૂલે પારસા, મુશ્કિલ મેરી આસાઁ કરો. ✩

(પેજ નં. ૫ નું બાકી)

ઘણી છે, તો ખુદાતઆલા ગાયના ઝરીએ ઘોડાના બચ્ચાને પૈદા કરી શકે છે. જે વક્ત લોગોએ આ ફેસલો સાંભલો તો કાઝીને મારવા ઉભા થયા અને તે રૂશ્વતખોર કાઝીના ફેસલાને નામંઝૂર કીધો. પછી તે માલિક અને ચોર લોગો સાથે તે આબાદીમાં રહેતા એક દીનદાર ઈબાદતગુઝાર શખ્સ પાસે આ કઝીયો લઈને ગયા.

ઈબાદતગુઝાર ખૂબ હુશિયાર અને હાઝિર-જવાબ હતા. બેવેની હુજ્જતો ખૂબ ગૌરથી સાંભલી અને તેના નઝદીક હકીકત ઝાહિર થઈ ગઈ. આબિદે કહ્યું કે, મને હમણા હૈઝ આવી રહ્યો છે, લેહાઝા સાત દિન બાદ આવો તો હું તમારો ફેસલો કરીશ. જેટલા ત્યાં હાઝિર હતા તે તમામે કહ્યું કે, મરદને તો કઈ હૈઝ આવતો હશે? બિલકુલ નહીં. આબિદે ફૌરન જવાબ આપો કે, **જેમ મરદને હૈઝ નથી આવતો તેમ ગાયથી ઘોડાનું બચ્ચું પૈદા નથી થઈ શકતું.**

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

**તિલાવતે કુરઆનમાં જો તમેં મશ્રુફ રહો તો ખુદાતઆલની જલાલતની સોહબતમાં તમેં હશો.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો – કિસ્ત -૧૪

### ભલાઈ કરવી અને તેનો હુકમ કરવો

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના શહેઝાદા આલી વકાર ઈમામ હસન અને ઈમામ હુસૈન (અ.સ.) ને પંદો નસીહત કરીને ફરમાવે છે કે, "અય મારા ફરઝંદો! તમેં તમારી ઝિંદગીને હયાતે તૈયેબહ કેમ બનાવશો. કઈ રવિશ, આદતોં અને ખસલતોં તમેં અપનાવશો કે, જેના સબબ તમેં લોગોને રાહે હક્ક પર કાઈમ રહેવાની રગબત અપાવી શકો. ઝબાનથી બોલીને નસીહત કરી દેવી ખૂબ આસાન છે, પણ તેના મુજબ ખુદ અમલ કરી બતાવવો અને **બીજાને એ મુજબ અમલ કરતા કરવા ખૂબ મુહાલો મુશ્કિલ છે."**

"અય મારા ફરઝંદો! જે કોઈ શખ્સ પોતાના જાનના ઐબોમાં નઝર કરતો રહેશે તેને બીજાના ઐબો જોવાની ફુરસત જ નહીં મિલે." ખુદાતઆલાએ કોઈ ઈન્સાનને ઐબથી ખાલી રાખો નથી. કોઈમાં કમ છે તો કોઈમાં ઝિયાદહ. કોઈ ઐબ દેખાય છે તો કોઈ છુપેલો છે. કોઈ ઐબ પોતાને નુકસાન કરે છે તો કોઈ બીજાને. પણ ઈન્સાનની તખ્લીક, એનો ઝહેની ખાકો, નઝરોંની ચાલ, ઝબાનના રંગ અને એના દિલની કૈફીયત એવી છે કે, એને પોતાના ઐબ, ઐબ લાગતા જ નથી. પોતાના ઐબને એ ખુદની ઝાતમાં ફઝીલત, બરતરી, ખાસીયત અને હુશિયારી સમઝે છે. ખુદના ઐબને કુબૂલ કરવામાં એને બોઝ, શરમિંદગી અને બેઈઝઝતી મહેસૂસ થાય છે. ઐબ તે ઐબ જ છે, તેને કોઈ મકરો દગાના કપડા પહેરાવીને છુપાવી દેવો, તેને મિટાવી તો શકાતો જ નથી. **જહાઁ તક ઐબનો ઉચકનાર તેને મુકી ન દે વહાઁ તક તે તેના સાથે જ રહે છે.** આકિલ ઈન્સાન કોઈ વક્ત બીજાના ઐબ વાસ્તે પોતાની ઝબાનને નહીં ખોલે, તે પહેલા એ જોશે કે, શું બીજામાં જે ઐબ એ જોઈ રહ્યો છે તે પોતાનામાં તો નથી ને! આમ કરીને પોતાના ઐબને મિટાવવામાં જ એની પૂરી ઝિંદગી તમામ થઈ જાશે. પોતાના વાસ્તે જ વક્ત કમ પડતો હોય તો પછી બીજાના ઐબ વાસ્તે તો સવાલ જ ઉભો થાતો નથી.

"અય ફરઝંદો! જે શખ્સને અલ્લાહતઆલાએ કંઈ બખ્શું અને તે તેનાથી ખુશ રહેશે, ફરહતમંદ રહેશે તો જે વક્ત તેને કંઈ જ નહીં મિલે તો પણ તે કદી દિલગીર નહીં થાય." જે કંઈ પોતાના પાસે હોય અને તેનાથી ખુશ રહેવું, મુત્મઈન રહેવું, કનાઅત સાથે કામ લેવું તે મોટામાં મોટી રહેમત અને નેઅમત છે. આ મુજબનો રવૈયો અને ખસલત લાલચ, તમાઅખોરી અને હસદને મારી નાંખે છે. **ઈન્સાન ઝહેન અને જિસ્મથી સેહતમંદ રહે છે.** આના સાથે સાથે અગર ઈન્સાનની હાજતોં અને ખ્વાહિશોને ખિલાફ તેને કંઈ હાથ ન લાગે અને શિકાયત પણ ન કરે તો તે દિલો ઝમીરનો ખૂબ મઝબૂત ઈન્સાન કહેવાય.

"અય ફરઝંદો! જે કોઈ શખ્સ બગાવત, ફસાદ અને ફિત્ના ની તલવારને બાહર કાઢશે તો તે જ તલવારથી પોતે મારો જાશે." ફિત્ના-ફસાદ કોઈને કત્લ કરવા કરતા શદીદ અને ખતરનાક છે. જેમ જે ચીઝથી આગ લાગે તે ખુદ આગમાં ખાખ થઈ જાય છે તેમ ફિત્નાની આગ લગાડનાર ખુદ આગના શોઅલાઓની ચપેટમાં આવી જાય છે. દીને હક્કને મિટાવવાની દુશ્મનોંએ ખૂબ કોશિશ કીધી, કાવાદાવા કીધા, કત્લે આમ કીધું, સરકશી કીધી, લશ્કર-કશી કીધી તો ઝમાનાનો એવો કડવો ઈન્કેલાબ આવો કે, દુશ્મનોંએ લગાડેલી બગાવત અને દુશ્મનીની આગમાં તેઓ પોતે હોમાઈ ગયા અને **પોતાની હસ્તીને નૈસ્તીમાં બદલી દીધી.** હક્કના વલીઓ અને મુમેનીન સામે બાતિલની તલવાર ઉગામનાર ઘણા મુખાલિફો થયા પણ તે જ તલવારે તેઓના માથા કાપી નાંખા. આટલી બધી તારીખની હકીકી તસ્વીરોં લોગોની નઝરના સામે છે, તેના બાવુજૂદ લોગો ઈબરતની આંખે જોતા નથી.☆

---

(પેજ નં. ૯ નું બાકી)

તમામ ખુશ થયા અને લોગોએ ચોરને ખૂબ મારો, કાઝી ઝલીલ થયો અને માલિકને પોતાનું બચ્ચું હાસિલ થઈ ગયું.

સચ્ચાઈ એ છે કે, ગાયથી ગાય, ઘોડાથી ઘોડો, ઈન્સાનથી ઈન્સાન જ પૈદા થાય છે. કોઈ વક્ત પણ બંદરની નસલથી ઈન્સાન પૈદા થાતો નથી. ખુદાતઆલાએ મુમિનની એવી કૈફીયત બનાવી છે કે, આ દુનિયાથી મુમિન ગુઝરતો નથી મગર તેની જગા પર તેના જેવા મુખ્લિસ મુમિનને સીરતથી અને સૂરતથી કાઈમ કરીને ગુઝરે છે. યાઅની એક મુમિન બીજા મુમિનને પૈદા કરીને ઈન્તેકાલ કરે છે. ☆

**તે જ સોહબતને સોહબત કહી શકાય કે જેમાં તમને ઈલ્મી-અમલી ફાયદો હાસિલ થાતો હોય.**

## મૌલાના ઈમામ અબ્દુલ્લાહિલ મસ્તૂર (અ.સ.) – કિસ્સો : ૧

તારીખમાં બયાન છે કે, ૮ માં ફાતેમી ઈમામ મૌલાના અબ્દુલ્લાહિલ મસ્તૂર (અ.સ.) એ દુશ્મનોંની સાઝિશો, હમ્લાઓ અને મકરો દગાના ખતરાના સબબ, મુમેનીનની હિફાઝત અને સલામતીના સબબ, આપના દોઆત અને અહલુલ વલાથી બગતતન-અચાનક ઈસ્તેતાર-પડદો ઈખ્તિયાર કીધો. કુલ દોઆત અને મુમેનીનની જમાઅત હૈરતમાં પડી ગયા અને પોતાના ઈમામની હિફાઝત અને ઈબાદતના સરંજામ વાસ્તે હર મુમ્કિન કોશિશ કરવા લાગા. સઘલા દોઆત અસકર મુકર્રમ-મઅર્રતુન્નોઅમાનમાં જમા થયા અને ઈમામના ઈસ્તેતાર પર ફિકરમંદ થયા. આ સઘલા સાત દોઆત હતા, અબૂ ગફીર, અબૂ સલમહ, અબૂ મુસ્લેમહ, અબુલ હસન તિરમીઝી, જૈયાદ બિન અલ-ખશઈ, અહમદ બિન મૌસિલી અને અબૂ મોહંમદ અલ-કૂફી, તેઓ ગુફતગૂ કરવા લાગા કે, બગૈર ઈમામ અપની નમાઝ કેમ જાઈઝ થાય? અપના રોઝા કેમ ગિનાય? અપને ઝકાત કયા સાહેબને અદા કરીએ? અપને ઈદ કોનો દીદાર કરીને મનાવીએ? દીનના જુમ્લા ઊમૂરને કોના હુકમથી જારી કરીએ? બગૈર અમરે ઈમામ શું આ ઊમૂર કાઈમ થઈ શકે?

ઈમામ અબ્દુલ્લાહિલ મસ્તૂર (અ.સ.) ના ખાસ ખુદ્દામ, રઝાકારો અને મોહિબ્બોં આ દોઆત સાથે જમા થયા અને એક વાત પર મુત્તફિક થયા અને દોઆતને કહેવા લાગા કે, હમેં સઘલા આપના વાસ્તે સફરના ખર્ચની તદબીર કરીએ, આપ સાહેબો (સાત દોઆત) હમારા અને મુમેનીન તરફથી ઈમામની તલાશમાં ફારિસના ખુરાસાન અને ઈરાકના ગામડાઓમાં તેમજ યમનના હર્રાન ઝિલઅ (જીલ્લા) માં ફેલાઈ જાવ. તમામે ઈમામની શિક્લો સૂરત અને આપની સિફતના કાગઝો તૈયાર કીધા અને હરએક પાસે એક-એક કાગઝ રાખ્યા જેથી ઈમામ તક આસાનીથી પહોંચી શકાય. દોઆતે એમ મીઆદ કીધો, નક્કી કીધું કે, હમેં હમારા મકસદને હાસિલ કરવા ગમે ત્યાં જઈએ પણ હમેં ફલાઁ મકાનમાં, ફલાઁ દિન પાછા જમા થઈશું, હમારા સફર દરમિયાન શું-શું ગુઝરૂં તેના સઘલા અખ્બાર આપીશું, આ મિસિલના મીઆદ સાથે તેઓ અસકર મુકર્રમથી છુટા પડા.

દુશ્મનોંના જાસુસોની નઝરથી બચવા દોઆતે મુખ્તલિફ ઈલાકાઓના તાજિર-વેપારીની શિકલ ઈખ્તેયાર કીધી, પોતાની શનાખ્તને ઝાહિર ન કીધી. જેમ લોગો તરહ-તરહની ચીઝોંની ફેરી ફિરે છે, તેમ આ દોઆત બૈરો અને બચ્ચાંના કામને લગતી ચીઝો લઈને ગામેગામ, ગલીયે ગલીયે ફિરવા લાગા. કોઈ સંજીદા-ભરોસા લાઈક શખ્સ કે બૈરો નઝર પડતા કે, તેને ઈમામ વાસ્તે પૂછતા અને કહેતા કે, શું તમેં અડોશ-પડોશમાં આ મિસિલના, આ મુજબની શિક્લો સૂરત વાલા આદમીને જોયા છે? દિન-રાતની આ મુજબની મહેનત-મશક્કત, જાનના ખૌફ સાથે આ મુજબ સફરની કૈફીયત એવી હતી કે, જે જે ઈલાકાઓમાં સઘલા દોઆત ફિરા તે જગાઓમાં ઈમામે હક્કના દીદાર અને મુલાકાત વાસ્તે ખૂબ તહેકીક કીધી અને મહીનાઓ તક તલાશ કરતા રહ્યા.

જે મુજબ આ દોઆતે મિલવાનો મીઆદ કીધો હતો, તે જગામાં અને તે દિન સઘલા જમા થયા અને પોતાના હાલાત અને સફરના અખ્બારથી એકબીજાને ખબરદાર કીધા. પણ કોઈ ઈમામ તક પહોંચવામાં કામિયાબ થયું નહીં. તે બાદ બીજા મુલ્કો-ઈલાકાઓમાં જાવાનું નક્કી કીધું કે જ્યાં પહેલા સફરમાં તેઓ ગયા ન હતા. ઈમામે હક્કની તલાશમાં અસકર મુકર્રમથી પાછા તે જ જગા મિલવાના મીઆદ સાથે દોબારહ તેઓ છુટા પડા. જે તરહ પહેલી વક્ત કઠીનમાં કઠીન સફર ઈખ્તિયાર કીધો હતો, ગામેગામ ફિરા હતા, જંગલોમાં, પહાડીઓમાં, મૈદાનોમાં, રણમાં ગશ્ત લગાવી હતી તે મુજબ આ વક્ત પણ દોઆત તફતીશે ઈમામમાં લાગી ગયા. જ્યાં ગયા ત્યાં ઈમામે હક્કના અકીદાથી મુમેનીનને આગાહ કરતા રહ્યા અને કાસિદો-ખુદ્દામના ઝરીએ દાઅવતના ઊમૂર મઝબૂત કરતા રહ્યા. ☆

### રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે,

**બે અમલનો સવાબ અલ્લાહતઆલા બંદાને ફૌરન અતા કરે છે.**

(૧) રિશ્તેદારો સાથે મોહબ્બતથી પૈશ આવવું અને

(૨) મઝલૂમ-મજબૂરની મદદ કરવી.

**અને બે અમલનો અઝાબ પણ ફૌરન મીલે છે.**

(૧) સગા-રિશ્તેદારો સાથે વેહવાર તોડી નાખવો.

(૨) કમ્ઝૌર પર ઝુલ્મો સિતમ કરવો. ☆

**તમેં નમાઝ પઢો અને જો તે અરકાન સાથે હોય તો તમેં ફરિશ્તાઓની સોહબતમાં હશો.**

(પેજ નં. ૧૬ નું બાકી)

ફાતેહા મગફેરતને વાસ્તે પઢશે કોઈ,
તેને કરવા અતા ફિરદૌસને રિઝ્વાન થયા.
મુઆફ કર તેની ખતાઓને અય રબ્બુલ ઈઝ્ઝત,
તારા હર હુકમને માનો ને જે ફરમાન થયા,
મૌત પર સબ્ર જે કરશે તે ઘણો આકિલ છે,
સાબિરોં પર ખુદાના ફઝલને એહસાન થયા.
દાઈએ હક્કના દિલો જાઁ સી જે શૈદાઈ છે,
બખ્શવા તેને જઝા અહમદે ઝીશાન થયા.
દાઈએ હક્કની શફાઅત તું અય રબ કરજે નસીબ,
ખિદમતે દાઅવત બર-હક્કમાં જે કુરબાન થયા.
મૌલા હાતિમ ઝકીની રાખે જે કોઈ ઉલ્ફત,
હશ્રમાં કિસ્મતો તકદીરના સુલ્તાન થયા.
કરજે આબાદ યા રબ કબ્રને આ અન્વરની,
દાઈએ આલે અલી જેના નિગેહબાન થયા. ☆

## Shining Stars



Brother Habilali Fidaali Tinwala studying in Std. 5 (Vidyani Vidhyalay, Navrachna) participated in 20th International UCMAS Abacus & Mental Arithmetic Competition held at New Delhi on 5/12/2015, stood 2nd Runners Up and was awarded with Merit Certificate in 14th National Competition held simultaneously.



Brother Aarizali Abbasali Vohra (Rajpiplawala) participated in 20th International UCMAS Abacus & Mental Arithmetic Competition held at New Delhi on 5/12/2015, got 3rd Rank in D category. ☆

## તિજારત


**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઇસાહેબ ઇબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**






Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

# M.M. GLASS

**All Kind of Glass Merchants**
**Specialist in :**
**Alluminum Doors-Windows**
**Partition Works.**

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.


**ઈલ્મ અને હુનર શીખવાથી દૂર રહેવું એ પણ એક તરહની બીમારી જ છે.**


**ફેન્સી પર્સ, ઝોલ્લો બનાવી આપીશું તથા દુપટ્ટા, સાડી, પરદી, રૂમાલ, ચાદર વગેરેને બીડીંગ ઇન્ટરલોક, કોડીંગ કરી આપવામાં આવશે.**
(શાદી વગેરે પ્રસંગ માટે કવરો બનાવી આપીશું.)
ફોન : ૯૭૩૭૬૭૩૬૭૦ / ૯૫૫૮૩૯૧૨૯૫. ☆

**નવો ફલેટ વહેંચવાનો છે.**
પહેલા મજલા પર, મોહંમદી ફલેટ, મુસ્લીવાલાની ગલી, અબ્બાસ ચોક, બદરી મોહલ્લા, વાડી, વડોદરા-૧૭.
ફોન : ૯૮૭૯૩૩૬૨૬૬ / ૯૯૨૪૬૨૯૬૮૭. ☆


**તમેં કોઈ ખૈરના કામમાં મશ્ગૂલ હોવ તો જાણી લો કે તમેં સાલેહીનની સોહબતમાં હશો.**

## ૨૭ માં દાઇયુલ મુત્લક
# સૈ. બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) કિસ્ત-૫

દાઅવતે શરીફહની કિતાબોંમાં ઝિક્ર આવેલી છે કે, સૈ. દાઉદજી બિન સૈ, અજબશાહ (ક.રૂ.) નો જે વક્ત ઝમાન હતો તે વક્ત સૈ. દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) બીમારીમાં ગિરફ્તાર થયા, એમ અશ-શૈખ અલી મોહંમદ બિન ફીરોઝ સાહેબ બયાન ફરમાવે છે. આપ લખે છે કે, હું સૈયેદનાની ખિદમતમાં કદમબોસી વાસ્તે ગયો તો આપે મને ફરમાન કીધું કે, "તમેં જલ્દી અઝ જલ્દી દાઉદ બિન કુતુબશાહના ઘર પર એમની મિઝાજ-પુરસી વાસ્તે જાવ અને એમને મારા સલામ અને મારા તરફથી શિફા વાસ્તે દોઆના કલેમાત કહેજો." હુકમની ફૌરન તામીલ કરીને હું ઈબ્ને કુતુબશાહના ઘરે ગયો. જોયું કે આપ ચોપાઈ પર સુતેલા છે, આપની ખિદમતમાં ઘરના અહલ છે, ખાદિમો છે પણ મને આપની તબીઅત ઘણી જ નરમ અને નાઝુક લાગી. હું આપના સરના નઝદીક બેસો અને આપનો જમનો હાથ મારા હાથમાં લીધો. આપને શદીદ બુખાર હતો તેના બાવુજૂદ આપે મારા તરફ નઝર કીધી, તો મેં આપના મિઝાજ પૂછા અને સૈયેદના તરફથી આપની શિફા વાસ્તે ખુદાતઆલાની બારગાહમાં મૌ. અય્યૂબ નબીનો વસીલો લઈને દોઆ કીધી.

આપે ઈશારાથી જવાબ આપો અને હું આપના ઘરથી સીધો સૈયેદનાની હઝરતમાં પૈશ થયો. હું બેહદ ગભરાયેલો હતો. ઈબ્ને કુતુબશાહનો ઝર્દ ચહેરો અને કમ્ઝોરી મારી નઝરોંથી હટતી ન હતી. આપ સૈયેદના આપની મસ્નદે ઈમામી પર બેસેલા હતા, કરીબમાં હુદૂદ આપથી ઈલ્મની તહેસીલ કરી રહ્યા હતા. હું ખામોશીથી આપની મજલિસમાં આવીને એક ગોશામાં સલામો તહીયાત અરઝ કરીને બેસી ગયો. સૈયેદના દરસ આપવામાં ખૂબ મશ્ગૂલ હતા. થોડા વક્ત બાદ જે વક્ત મજલિસ બરખાસ્ત થઈ અને તમામ હુદૂદ આપની ઈજાઝત લઈને રૂખસત થઈ ગયા, તો હું આપ મૌલાની હઝરતમાં પૈશ થયો અને અરઝ કીધી કે, યા સૈયેદના! આપના હુકમ મુજબ હું ઈબ્ને કુતુબશાહની મિઝાજ-પુરસી વાસ્તે ગયો હતો **પણ મેં જોયું કે, આપની હાલત તો નિહાયત બિગડેલી છે,** આપની બીમારીની કૈફીયત ફિકરઅંગૈઝ છે અને મને એમ લાગે છે કે, ખુદાતઆલા ઈબ્ને કુતુબશાહ પર રહેમ કરે અને ખુદાના ઈરાદાથી જ હવે આપને શિફા થાય એમ એક આખિરી આસરો બચો છે. અય મૌલા! જે હકીકત મેં જોઈને આવો છું તે તમામ આપને કહી દીધી.

આ કૈફીયતે હાલે ઈબ્ને કુતુબશાહ સાંભલી સૈયેદના દાઉદજી બિન સૈ. અજબશાહે ફરમાવું કે, "અય અલી મોહંમદ! ઈન્શાઅલ્લાહ, ખુદા દાઉદને શિફા ઈનાયત કરશે, એની ઝિંદગીમાં બરકત છે અને એની વફાત તમેં જે બીમારીમાં એને જોઈને આવા તેનાથી હરગિઝ થાનાર નથી. દાઅવતે હક્કની ઘણી ખિદમત એના નસીબામાં મુકર્રર છે. કેમકે મારા મૌલા, મારા મોઅય્યદ સૈ. જલાલ સાહેબ મને ફરમાવતા હતા કે, **" દાઉદૈન (બે દાઉદ) પર ખુદાનું અઝીમ અહેસાન છે. એક દાઉદ બાદ બીજા દાઉદ આવશે.** તમારા બાદ દાઈની શિક્લે નૂરાનીમાં આ દાઉદ ઈબ્ને કુતુબશાહ મૌજૂદ છે, તૈયાર છે. તમને કોઈને તૈયાર કરવામાં કોઈ તકલ્લુફ નહીં થાય."

સૈ, જલાલ સાહેબના આ કલામે અન્વરથી મને યકીને કામિલ છે કે, ખુદાતઆલાની કઝા-કદર ઈબ્ને કુતુબશાહ વાસ્તે કઈ ઔર છે. હાલમાં તમેં જોશો કે એ શિફાની રાહ પર જઈ ચુકા હશે. ખુદાની રહેમત હર વક્ત એના ઉપર છે, મને એની તબીઅતની કોઈ ફિકર નથી."

અશ-શૈખ અલી મોહંમદ (રિ.અ.) પછી ફરમાવે છે કે, થોડા જ અય્યામમાં ખુદાનો એવો કરમ થયો કે સૈ. દાઉદજી બિન કુતુબશાહ (ક.રૂ.) ની બીમારી ઝાઈલ થઈ ગઈ, તમામ કમ્ઝોરી દૂર થઈ ગઈ અને ખુદાએ આપને સૈ. દાઉદજી બિન અજબશાહ (ક.રૂ.) ની દોઆથી શિફા કામેલહ ઈનાયત ફરમાવી. શિફા બાદ ઈબ્ને કુતુબશાહે જે વક્ત ઘરથી પહેલો કદમ બાહર મુકો તો આપ ઈબ્ને અજબશાહ સાહેબની દેવડી મુબારક પર પધારી આપના દીદાર કીધા અને કદમબોસ થયા. બેવે દાઉદૈન એકબીજાની મુલાકાતથી બેઈન્તેહા ખુશ થયા અને દાઅવતે શરીફહના ઊમૂરને ઔર મઝબૂત બનાવવા તરફ એકબીજાના યારીદૈન બના.. ☆

**સાહેબે દાઅવતની સોહબત બીજી તમામ સોહબતોં કરતા આઅલા છે.**

## ગુલ, ગુલ્શન, ગુલફામ

યે ઘર હે યા હે ગુલિસ્તાઁ, બહારોં કા નઝારા હે,
યહાઁ બચ્ચે હૈં યા હૈં ગુલ, ખુશી કા આશિયાના હે.

હર એક ડાલી કી કલીયાઁ મુસ્કુરાકર ગુનગુનાતી હે,
યે ઘર કી શાદમાની કી દોઆ કે નગમેં ગાતી હે,
હે માઁ ને બાગબાની કરકે ઈસ ઘર કો સજાયા હે,
યે ઘર હે યા હે ગુલિસ્તાઁ, બહારોં કા નઝારા હે.

ગુલિસ્તાને બહારી મેં હઝારોં રંગ બિખરે હૈં,
ઘટા ચાહત કી છાતી હે કે ગુલ સબ ઝૂમ ઉઠતે હૈં,
મોહબ્બત કે ઈન રંગોં સે યે ઘર કો માઁ ને સીંચા હે,
યે ઘર હે યા હે ગુલિસ્તાઁ, બહારોં કા નઝારા હે.

જો પૂછા ઈક કલી ને ગુલ સે ખિલને મેં મઝા ક્યા હે,
કહા ગુલને ખુદા ને મુઝ કો ખુશ્બૂ મેં ડૂબોયા હે,
વો ઘર ગુલ્શન હે જો ખિદમત કી ખુશ્બૂ સે મહેકતા હે,
યે ઘર હે યા હે ગુલિસ્તાઁ, બહારોં કા નઝારા હે.

ગુલે ગુલ્ઝાર હે વો ઘર જહાઁ ઈઝઝત બડોં કી હો,
હો શબનમ સુર્ખ પત્તોં પર, નસીહત પલકોં પે લી હો,
બડોં કી હી દોઆઓં સે વો ઘર જન્નત સા બનતા હે,
યે ઘર હે યા હે ગુલિસ્તાઁ, બહારોં કા નઝારા હે.

મોહંમદ ઔર અલીયો ફાતેમા હસ્નૈન હૈં હાઝિર,
ગુલે ઉલ્ફત કે ગુન્ચે ઝુકતે હૈં તાઅઝીમ કે ખાતિર,
ખુદાને નૂરે પંજતન સે ઈસ ઘર કો સઁવારા હે,
યે ઘર હે યા હે ગુલિસ્તાઁ, બહારોં કા નઝારા હે.

બડી કિસ્મત કે હૈં વો ગુલ જો ઈસ બુસ્તાઁ મેં ખિલતે હૈં,
કે ઈમાની હવાઓં સે ઈસ બુસ્તાઁ મેં મહેકતે હૈં,
ગુલે અન્વર તરાના હાતિમી ગુલ્શન કા ગાતા હે,
યે ઘર હે યા હે ગુલિસ્તાઁ, બહારોં કા નઝારા હે. ✯

## નમાઝ પઢવા ચલો ભાઈસાહેબ આવા છે

નમાઝ પઢવા ચલો ભાઈસાહેબ આવા છે,
ખુદાના ઘરમાં મસલ્લો બિછાવી બેસા છે.
વુઝૂ બનાવીને જલ્દી નમાઝમાં આવો,
તમારા ઘરમાં જે કોઈ હોય તેને ભી લાવો.
હવે પઢાઈ છે જલ્દી ચલો ફજરની નમાઝ,
છે સો નમાઝ સી બહેતર ખુદાના ઘરની નમાઝ.
તમારા કાનમાં પહોંચી હસે અઝાઁની આવાઝ,
ચલો પઢાઈ છે જલ્દી હવે ફજરની નમાઝ.
ખુદાના ઘરમાં ઉઠી છે સદા ઈકામત ની,
સફો બિછી અને તૈયારી થઈ ઈમામત ની.
ઈમામ લઈ રહ્યા નિય્યત ગયા કિરાઅત માં,
જો જલ્દી આવો તો દાખિલ હસો જમાઅત માં.
ચલો ઝુકાવી રૂકુઅમાં ઈમામ યે ગરદન,
મસલ્લો ઉચકીને નાખો ગલામાં પૈરહન.
ચલો શિતાબી ફરઝ લેવા બાવા સાહેબ નું,
ખુદાનું નામ પછી લો નબીના નાઈબ નું.
ચલો ઈમામના જલ્દી સી હાથને ચૂમો,
તમારા માથાને તેના કદમ ઉપર મૂકો.
નમાઝ પઢસે તે મુમિન હસે જે નૈક ઈક્બાલ,
નમાઝ પઢવાસી મકબૂલ થાસે કુલ આઅમાલ.
નમાઝ પઢવાસી રહેમત ખુદાની નાઝિલ થાય,
પઢો નમાઝ કે રોઝી માં ભી બરક્કત થાય.
પઢો નમાઝ કે ઈઝ્ઝત છે યે સી દુનિયામાં,
નમાઝ પઢવાસી જન્નત મિલે છે ઉક્બામાં. ✯

(પેજ નં. ૨ નું બાકી)

**પરચમે હક્કો સદાકત લે કે બઢના હૈં હમેં,**
**હુસ્ને અખ્લાકો મોહબ્બત લે કે બઢના હૈં હમેં,**
**કારવાને અલ્વીયત કો લે કે બઢના હૈં હમેં,**
**આફીયત કી એક જન્ન્ત લે કે બઢના હૈં હમેં,**
**અપને ખ્વાબીદહ મુકદ્દર કો જગાના હૈં હમેં,**
**હાર પર ભી ઈન્કેલાબી ગીત ગાના હૈં હમેં.**
**માંગતે હો ક્યોં અંધેરોં સે ઉજાલે કી ઝકાત,**
**તુમ મેં હિમ્મત હો તો ખુદ પૈદા કરો રાહે નજાત.** ✯

**એક આકિલ-સંજીદહ દોસ્તની સોહબત, હઝાર જાહિલ-નાદાન દોસ્તોં પર ભારી છે.**

## બીજી નઝર

એક શખ્સ હતા. તેના ઘરમાં તેના મોટા દીકરાના નાના-નાના ફરઝંદો હતા. જેમાં એક દીકરો-પોતો ખૂબ મસ્તીખોર પણ ઝહીન હતો. તે શખ્સ કોઈ અહમ કામમાં મશ્ગૂલ હોય તેના નઝદીક તે નાનો ચાલાક દીકરો તૂફાન મચાવતો હતો. શોરશાર કરતો હતો. તે શખ્સ કહે કે, "અય દીકરા! તારા દાદા હમણા કામ કરી રહ્યા છે અને એક મુશ્કિલીના સબબ પરેશાન છે. તું બીજા રૂમમાં જા અને જે તુંને કરવું હોય તે કર." દીકરો કઈ માનવાનો હતો! થોડી-થોડી વારે દાદા જ્યાં બેસા હતા ત્યાં આવી ચઢતો. દાદાએ વિચાર કીધો કે, મારા કામને ઈત્મિનાનથી પતાવવા આ દીકરાને કંઈક કામમાં લગાવવો પડશે.

એક જૂની ચોપડી માંથી નકશાના પાનાના નાના-નાના ટુકડા કરીને દીકરાને આપા અને કહ્યું કે, "લે આ નકશો! આ ટુકડાને બરાબર કર અને ગમ લગાડીને તું મને જોડી આપ." દાદાએ વિચાર્યું કે હવે તો આ કામ માંથી આ મારો પ્યારો પોતો નિવરો નહીં થાય. નકશાના ટુકડા જોડતા-જોડતા અને તેને ચિપકાવતા એક-બે કલાક તો નિકલી જ જાશે. દીકરાએ કાગઝના ટુકડા ફટાફટ જમા કીધા અને બાહર દોડી ગયો. પંદર મિનિટ પણ ન થઈ કે તે પૂરો નકશો તૈયાર કરીને પાછો હાઝિર થઈ ગયો. **કહ્યું, દાદા! લો આ નકશો.** એકદમ તૈયાર છે. જોઈ લો બરાબર છે ને. દાદાએ નકશો આમતેમ કરીને ચકાસો અને તઅજ્જુબના લહેકામાં બોલા કે, "અરે વાહ! બિલકુલ બરાબર." દાદાએ પૂછ્યું કે, આટલા ઓછા વક્તમાં તુંને કઈ તરહ આ નકશો તૈયાર કીધો? દીકરાએ કહ્યું કે, "દાદા! જલ્દીમાં ને જલ્દીમાં તમેં કાગઝની એક જ બાઝૂં નઝર નાખી હતી. જે પાનાને તમેં મને ટુકડા કરીને આપા તેના એક બાઝૂં નકશો હતો અને તેના પાછલ એક શખ્સનો ચહેરો હતો. મેં નકશાને નહીં પણ ચહેરો જોઈને ફાટેલા ટુકડાને ગોઠવી દીધા અને પાછલ આપોઆપ નકશો જેમ હતો તેમ તૈયાર થઈ ગયો. **હરએક અઘરા કામની બીજી બાઝૂં ઝરૂર હોય છે.** જો બીજી બાઝૂં નઝર નાખીએ તો અપની તકલીફ તરત જ હલ થઈ જાય!"

નાના જેવા દેખાતા દીકરાએ એક બુઝૂર્ગ દાદાની આંખ ખોલી નાંખી. દાદા જે મુશ્કિલીમાં હતા તે વાસ્તેના બીજા રસ્તા વિચારા. મુશ્કિલ આસાન થઈ ગઈ. ગુથ્થી સુલઝી ગઈ. દાદાએ પોતાને કહ્યું કે, દીકરા, ખૂબ શુક્રીયાહ! તુંએ મને દરેક ચીઝની બીજી બાઝૂં જોતા શીખાવું. હવે મને લાગે છે કે, **આ જહાનમાં દરેક ઉલઝનોની, ઉકદાઓની અને તકલીફોની બીજી બાઝૂં ઝરૂર હોય છે.** અપને મુશ્કિલીના ગાંઠમાં એટલા બધા ગૂંચવાઈ જઈએ છીએ કે આનો બીજો કોઈ રસ્તો પણ હોઈ શકે છે એ વિચારી જ નથી શક્તા.

તાલાં ખોલી આપતા કારીગરને અપને જોઈએ છીએ. અપને કોઈ બંધ તાલું એની પાસે લઈ જઈએ કે, તરત એ ચાવીઓનો મોટો ઝુડો કાઢશે. એક પછી એક ચાવીઓને આઝમાવીને તાલું ખોલવાની કોશિશ કરશે. જો કોઈ જ ચાવી તેનામાં ન લાગે કે તરત કાનસ કાઢી નવી ચાવી બનાવવા બેસશે. ઝિંદગીનો પણ કંઈ એવો જ હિસાબ છે. મુશ્કિલ હલ ન થાય ત્યાં સુધી નવી-નવી ચાવીઓ લગાડતા રહેવાની. તાલું એ જ લોગો નથી ખોલી શક્તા જે લોગો હાર માની લે છે. એ નથી સમઝતા કે કાનસથી પણ નવી ચાવી બનાવી શકાય છે. જે એમ માનીને બેસી જાય છે કે હવે કોઈ પણ હાલાતમાં આ તાલું ખુલવાનું જ નથી તો તે તાલું હરગિઝ ખુલતું જ નથી. **કોઈ તાલું દુનિયામાં એવું બનેલું જ નથી કે જેની ચાવી ન બની હોય.** મુશ્કિલી પણ અપને જ ઉભી કીધી છે તો હલ પણ અપને જ ઢુંઢવાનો છે.

એક ફરઝંદે આલિમને પૂછ્યું કે, ખુદાએ ઈન્સાનને બે આઁખ કેમ આપી છે? એક આઁખ હોત તો પણ ઈન્સાન જોઈ શકેત! આલિમે તે ફરઝંદને મઝાનો જવાબ આપો. કહ્યું કે, વ્હાલા દીકરા! ખુદાએ ઈન્સાનને બે આઁખ તે વાસ્તે આપી છે કે, ઈન્સાન પોતાની ઝિંદગીને બીજા રૂખથી પણ જોઈ શકે. એક રસ્તો બંધ થઈ જાય તે વક્ત બીજો રસ્તો તલાશ કરી શકે. ઈન્સાન એક જ નઝરીયાથી અને એક જ તરહની વિચાર-ધારાથી પોતાની ઝિંદગીના મુઆમેલાતને જોતો હોય છે. જે લોગો દુનિયામાં કંઈક નવું અને જુદું કરી શકા છે એ લોગોએ એક નહીં પણ અનેક બાઝૂઓ ઉપર નઝર નાખી છે. હરએક મુશ્કિલીના એક કરતા વધારે હલ હોય છે. ઈન્સાનની નઝર એક જ જગા ઠહેરી જાય છે, તે બીજા રસ્તા વિચારતો જ નથી. ત્રણ તરફ દીવાલો ચુની દેવામાં આવે તો પછી જે જગા બાકી રહી જ્યાં દીવાલ નથી તે જ તરફ નઝર જાય. ઈન્સાને એટલું જ ધ્યાન રાખવાનું હોય છે કે મન અને દિમાગમાં આવી ખોટી દીવાલો ન ચુનાઈ જાય.

**યૌમે કેયામત તમામ સોહબતોં ખત્મ થઈ જાશે પણ તમેં તમારા અમલની સોહબતમાં હશો.**

## હુઝૂરેઆલી અલ-મૌલા અલ-મુકદ્દસ ફરમાવે છે કે,

✳ મુમેનીન! અલ્લાહતઆલાએ હક્કની દાઅવતમાં ઈમાન રાખનારને હુકમ ફરમાવો છે કે, તમેં તમારા પરવરદિગાર ની રાહ તરફ લોગોને નરમીથી, હિકમતથી અને ભલી નસીહતથી દાઅવત દો. હર મુમિનને જોઈએ કે તે તેના ભાઈને અચ્છાઈ તરફ દાઅવત દે.

✳ મુમેનીન! તમેં તમારા બાપ-દાદાના વેપાર-તિજારતને આગલ વધારો. નોકરી તે નોકરી છે. કારખાનું કે દુકાન હોય તો તમેં તેના માલિક છો. વેપારમાં તરક્કી છે અને નોકરીમાં કોઈની ગુલામી છે. કહેનારે કહ્યું છે કે, ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને નફ્ફટ નોકરી.

✳ મુમેનીન! સૈયેદના બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) મારા શફીક બાવાજી છે. મારા ઉસ્તાદ છે. મને ઈલ્મ પઢાવીને તરબીયત કરનાર છે. દાઅવતે શરીફહના હર ઝાહિરી-બાતિની ઊમૂરમાં મને કામિલ બનાવનાર છે, મુમેનીન! તમેં તમારા મોઅલ્લિમને હર વક્ત યાદ કરજો, એની ઈઝ્ઝત કરજો.

✳ વાલેદૈન! તમેં તમારી દુખ્તરોંને એમના શૌહરના ઘરે વદાઅ કરો તો નેક નસીહત કરો. દુખ્તર વાસ્તે શૌહરના માઁ-બાપ તે એના માઁ-બાપ છે. શૌહરનું ઘર તે જ એનું ઘર છે. શૌહરના ઘરે મોહબ્બતથી, ઈખ્લાસથી અને ખિદમત સાથે રહેવું એ દુખ્તર પર લાઝિમ છે. ✯

**અય મૌલા,**
**ગર્દિશેં સબ તમામ હો જાયે,**
**નેઅમતેં સબ પે આમ હો જાયે,**
**આપ અપના ગુલામ કેહ દો અગર,**
**મુશ્કિલેં ખુદ ગુલામ હો જાયે. ✯**

## મૌત

મૌતની ઝિક્ર જે યે કીધી તે ઈન્સાન થયા,
મૌતને ભૂલા તે સબ જાહિલો શયતાન થયા.
મૌતની રાહ પર હર કોઈ ચલા છે ચલશે,
છોડી આ રાહને તે કોઈ જે નાદાન થયા.
મૌત નેઅમત છે, ને હક્ક ભી છે, નથી શક તેમાં,
જે ન માના આ હકીકતને તે ખુસરાન થયા.
છે મુસીબત અને રાહત આ જહાઁના બે રૂખ,
ખુશીયોં સી દર્દ સી મુમિનના ઈમ્તેહાન થયા.
મૌતને વક્ત પુકારા અલી મૌલા આઓ,
પંજતન કબ્રમાં તે મુમિનના મહેમાન થયા.
ઝિંદગી ખૈર સી નૈકી સી મુઝય્યન કરશે,
ખાદિમોં જન્નતોં માં હૂરોં ને ગિલમાન થયા.
બિસ્તરે મૌત પર કુરઆઁ ને જે કોઈ પઢશે,
શમ્એ રૌશન અંધેરી કબ્રમાં કુરઆન થયા.
મૌતને બાદ ફક્ત ઈલ્મો અમલ સાથ હશે,
ખાલી ઝર સી ઝર્મીં સી હર કોઈના દામાન થયા.

(બકીયાહ પેજ નં. ૨ પર)

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★